Extra No. 103

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, APRIL 12, 2017/CAITRA 22, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી એપ્રિલ, ૨૦૧૭.

તારીખ : ૧૨મી એપ્રિલ, ૨૦૧૭ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક** : ૧૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

**આર. આર. ચાવડા,**
સરકારના નાયબ સચિવ.



Scanned by CamScanner

**GUJARAT ACT NO. 18 OF 2017.**

**THE GUJARAT ANIMAL PRESERVATION (AMENDMENT) ACT, 2017.**

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૭**ના **એપ્રિલ** મહિનાની **૧૨મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**કે.એમ.લાલા,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

## GUJARAT ACT NO. 18 OF 2017.

## *AN ACT*

*further to amend the Gujarat Animal Preservation Act, 1954.*

**સન ૨૦૧૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૮ .**

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૭ના એપ્રિલ મહિનાની ૧૨મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર" માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

*ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ વધુ સુધારવા બાબત અધિનિયમ.*

આથી, ભારતના ગણરાજ્યના અડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૫૪નો મુંબઇનો ૭૨મો.**

**સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મ અધિનિયમની કલમ ૬કનો સુધારો.**

૨. ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૬-કમાં, પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

Scanned by CamScanner

"(૪) પેટા-કલમ (૩) હેઠળ એવી રીતે જપ્ત કરેલું વાહન અથવા કોઇ સાધન, ઠરાવવામાં આવે તેવી રીતે સરકાર-દાખલ થશે.".

3. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-ખ માં,પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:- સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મ અધિનિયમની કલમ ૬ખ નો સુધારો.

"(૩) પેટા-કલમ (૨) હેઠળ એવી રીતે જપ્ત કરેલું વાહન અથવા કોઇ સાધન,ઠરાવવામાં આવે તેવી રીતે સરકાર-દાખલ થશે.".

સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમની કલમ ૮નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮ માં,

(૧) પેટા-કલમ (૨)માં, " સાત વર્ષ સુધીની પણ ત્રણ વર્ષથી ઓછી નહિ તેટલી મુદતની કેદની અને પચાસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે,"આજીવન કેદની પણ દસ વર્ષથી ઓછી નહિ તેટલી મુદતની કેદની અને પાંચ લાખ રૂપિયા સુધીના પણ એક લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષા થશે." એ શબ્દો મૂકવા.

(૨) પેટા-કલમ (૪)માં, "ત્રણ વર્ષ સુધીની મુદતની કેદની અને પચીસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે,"દસ વર્ષ સુધીની પણ સાત વર્ષથી ઓછી નહિ તેટલી મુદતની કેદની અને પાંચ લાખ રૂપિયા સુધીના પણ એક લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષા થશે." એ શબ્દો મૂકવા.

સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમમાં કલમ ૯ બદલવા બાબત.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯ ને બદલે,નીચેની કલમ મૂકવી:-

અધિનિયમ હેઠળના ગુના પોલીસ અધિકારના અને બિન-જામીનપાત્ર ગણાશે.

"૯.ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળના તમામ ગુના, પોલીસ અધિકારના અને બિન-જામીનપાત્ર ગણાશે.". સન ૧૯૭૪નો ૨ જો.

Scanned by CamScanner

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫-માં, ખંડ (ગગ) પછી, નીચેના નવા ખંડો દાખલ કરવા:- સન ૧૯૫૪ના મુંબઇના ૭૨મા અધિનિયમની કલમ ૧૫નો સુધારો.

"(ગઘ) કલમ ૬-કની પેટા-કલમ (૩) હેઠળ,વાહન અથવા કોઇ સાધન સરકાર-દાખલ કરવાની રીત;

(ગચ) કલમ ૬-ખની પેટા-કલમ (૨) હેઠળ, વાહન અથવા કોઇ સાધન સરકાર-દાખલ કરવાની રીત;".

-----------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Scanned by CamScanner